*This Question Paper contains 8 printed pages.*
***(Sections - A, B, C & D)***

Sl.No. 755525

# 01 (G)

**(FEBRUARY - MARCH, 2026)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 80***

**સૂચનાઓ :**

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D તથા 1 થી 56 પ્રશ્નો છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

## વિભાગ – A [20]

### (ગદ્ય)

અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. [4]

| (અ) કૃતિ | (બ) પાત્ર |
|---|---|
| 1) વાઈરલ ઈન્ફેક્શન | (અ) અમીચંદભાઈ |
| 2) ડાંગવનો અને.... | (બ) તાડકા |
| 3) ભૂખથીય ભૂંડી ભીખ | (ક) જગદીશભાઈ |
| 4) વિરલ વિભૂતિ | (ડ) ગણેશ |
| | (ઈ) નાનો |

**બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[4]**

5) અંકલેશ્વરને મિત્રો મજાકમાં ............ કહેતા.

(ઔદ્યોગિક મથક, દુર્ગંધેશ્વર, ગંદકેશ્વર)

6) કાળુ માને છે કે જગતમાં સૌથી ખરાબ બાબત ............ છે.

(કીર્તિની ભૂખ, ભીખ માટે હાથ લંબાવવો, માનવીની ઈર્ષ્યા)

7) 'ચોપડાની ઈંદ્રજાળ' પાઠ લેખકના ............ પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે.

('બાનો ભીખુ', 'વસાહતીઓનું વતન', 'ઘડીક સંગ શ્યામ રંગનો')

8) હિમ નદી ઓળંગવાનાં સાધનોના અભાવે લેખક ..........

(આગળ વધ્યા, પાછા ફર્યા, રોકાઈ ગયા)

**ક) નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[2]**

9) અંકિતને પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની ખુશીમાં કયાં પુસ્તકો ભેટમાં મળ્યાં હતાં?

10) નરેન લગ્નનાં માગાં શા માટે પાછાં ઠેલતો હતો?

**ડ) નીચે આપેલ પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** **[4]**

11) ડુંગરની પત્ની અચાનક અટકીને ઉભી રહી ગઈ કારણ કે....

12) શ્રીમદ્ રાજચંદ્રની જીવદયા અને કરુણા કયા પ્રસંગમાંથી પ્રગટ થાય છે?

13) લોકમાન્ય ટિળકના મતે ગીતાનું તાત્પર્ય શું છે?

**ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (ગમે તે બે)** **[6]**

**14)** આરોગ્યની જાળવણી માટેના લેખક ગુણવંત શાહના વિચારો તમારા શબ્દોમાં લખો.

**15)** છત્રી ન ખોવાય એ માટે લેખકને કેવી-કેવી સલાહો મળી હતી?

**16)** નિજ મંદિરમાં ઊભું કરેલું કુષ્ણ જન્મોત્સવનું દશ્ય વર્ણવો.

## વિભાગ – B **[20]**

**(પદ્ય)**

**અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** **[4]**

| (અ) કૃતિ | (બ) કર્તા |
|---|---|
| 17) શીલવંત સાધુને | (અ) નરસિંહ મહેતા |
| 18) દીકરી | (બ) રાજેન્દ્ર શાહ |
| 19) વતનથી વિદાય થતાં | (ક) અશોક ચાવડા |
| 20) બોલીએ ના કાંઈ | (ડ) ગંગાસતી |
| | (ઈ) જયંત પાઠક |

**બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[4]**

**21)** 'વૈષ્ણવજન' પદ ........... ને અતિ પ્રિય હતું.
(સરદાર પટેલ, ગાંધીજી, વિવેકાનંદ)

**22)** 'હું એવો ગુજરાતી' કાવ્યમાં ........... નદીનો ઉલ્લેખ છે.
(નર્મદા, તાપી, મચ્છુ)

**23)** જો હૃદયની આગ વધી 'ગની' તો ખુદ ........... જ કૃપા કરી.
(પ્રેયસીએ, ઈશ્વરે, સ્વજનોએ)

**24)** હાઈકુ ........... અક્ષરની કવિતા છે.
(ત્રણ, ચૌદ, સત્તર)

**ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** [2]

25) 'દીકરીના માથે હાથ ફેરવવો' અને 'દીકરી હાથ દે' એમાં શો ફરક છે?

26) ગંગાસતીના મતે તુરિયાનો તાર જાગી જવો એટલે શું?

**ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** [4]

27) માધવને મેળવવાની સૂરની તીવ્ર ઉત્કંઠા ગીતના અંતે કેવી રીતે પૂર્ણ થાય છે?

28) પક્ષીને પામવા કવિ શું કરવાનું કહે છે?

29) 'વતનથી વિદાય થતાં' કાવ્યમાં કાવ્યનાયક કેવી ભ્રમણા અનુભવે છે?

**ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (ગમે તે બે)** [6]

30) 'ચાંદલિયો' કવિતામાં સ્વજનો માટેનો કાવ્યનાયિકાનો ભાવ કાવ્યના આધારે વર્ણવો.

31) સારસીના ઊડી જવાથી કવિ ઉપર થયેલી અસર તમારા શબ્દોમાં લખો.

32) 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ માણસને શો જીવનબોધ આપે છે?

## <u>વિભાગ – C</u> [20]

**(વ્યાકરણ)**

- **માગ્યા પ્રમાણે ઉત્તર લખો.**

**આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

33) નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો. [1]

- કુતુહલ (કૂતૂહલ, કુતૂહલ, કૂતુહલ)
- ઊજાણી (ઉજાણી, ઊજાણિ, ઊજાણી)

34) 'વાગ્બાણ' શબ્દની સાચી સંધિ છોડો. [1]

(વાક + બાણ, વાગ્ + બાણ, વાક્ + બાણ)

35) 'ચાતુર્માસ' શબ્દનો સમાસ ઓળખાવો. [1]

(ઉપપદ સમાસ, તત્પુરુષ સમાસ, દ્વિગુ સમાસ)

36) નીચે આપેલ બન્ને શબ્દોના જોડણીભેદે થતા અર્થભેદ જણાવો. [1]

ઉપહાર - (ઘરેણાં, ભેટ, દાન)

ઉપાહાર - (ભોજન, નાસ્તો, વાનગી)

37) 'સીતાજી માટે વિલાપ કરતા રામને જોઈ ડુંગરો પણ રડી ઉઠયા' - વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો. [1]

(ઉપમા અલંકાર, સજીવારોપણ અલંકાર, ઉત્પ્રેક્ષા અલંકાર)

38) 'નવલિકા' શબ્દમાં ક્યો પ્રત્યય રહેલો છે તે જણાવો. [1]

(પૂર્વ પ્રત્યય, પર પ્રત્યય, એકપણ નહીં)

39) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો શોધીને લખો. [1]

- હાર (ફૂલ, કતાર, સાથ)
- મસાણ (સ્મશાન, ગંદુ, વેરાન)

40) 'હેત' સંજ્ઞાનો આપેલ વિકલ્પોમાંથી સાચો પ્રકાર શોધીને લખો. [1]

(દ્રવ્યવાચક સંજ્ઞા, વ્યક્તિવાચક સંજ્ઞા, ભાવવાચક સંજ્ઞા)

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો.**

41) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ જણાવો. [1]

– નવ નેજાં પડવાં.

42) નીચે આપેલ કહેવતનો અર્થ જણાવો. [1]

– નહીં ઘરના કે નહીં ઘાટના

43) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. [1]

– જેની કોઈ સંભાળ રાખનાર નથી તે

44) નીચેના શબ્દ માટે વિરોધી શબ્દ લખો. [1]

– સાહસ

45) નીચેના વાક્યને કર્મણિમાં ફેરવો. [1]

– પોલીસે ચોરને પકડ્યો.

46) નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો. [1]

– વાવડ

47) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [1]

– દોરીનો છેડો બારણે બાંધ્યો છે.

48) નીચેના વાક્યમાંથી ક્રિયા વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [1]

– બાને તેમના પૈસા નિયમિત મળતા.

49) 'તૃષ્ણા' શબ્દના ધ્વનિઘટકો (સ્વર અને વ્યંજન) છૂટા પાડો. [1]

50) નીચેના કર્તરિવાક્યનું પ્રેરક વાક્યમાં રૂપાંતર કરો. [1]

- એ સાંજે અમે બધાં ખૂબ હસ્યાં.

51) નીચેની પંક્તિમાં રહેલો છંદ ઓળખાવો. [1]

- છૂટી છૂટી, સહન ન થતાં, મત્ત પાછાં મળે છે.

52) એક ચરણમાં 15 માત્રા ધરાવતો હોય છે. સળંગ પંક્તિમાં જો બે ચરણ હોય તો કુલ – 30 માત્રા થાય તે છંદનું નામ જણાવો. [1]

## વિભાગ – D [20]

**53) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો. [4]**

કડવા હોય લીમડા, પણ શીતળ એની છાંય,

બાંધવ હોય અબોલડા, તોય પોતાની બાંય.

અથવા

વિદ્યા પુસ્તકમાં અને પર કબજામાં ધન;

ભીડ પડે કામ નાંવે, એ વિદ્યા એ ધન.

54) તમારી સંસ્થામાં યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. [4]

**55) નીચે આપેલ ગદ્યખંડને આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [4]**

''લોકો મારું કામ જુએ કે ન જુએ, તેની કદર કરે કે ન કરે, મને શાબાશી આપે કે ન આપે, તોયે હું સંપૂર્ણ નિષ્ઠાથી અને મારી શક્તિના ઉચ્ચતમ ધોરણ મુજબ મારૂં એ કામ કરતો રહીશ. પરીક્ષા હોય કે ન હોય તો હું સરખી રીતે વાંચીશ, કસોટીના ગુણ છેલ્લા પરિણામ માટે ગણાય કે ન ગણાય તોયે હું તે સરખી કાળજીથી લખીશ; ક્રિકેટમેચ ટ્રોફી માટેની હોય કે ખાલી ''મૈત્રી રમત'' હોય તોયે હું સરખા ઉત્સાહથી રમીશ. સ્થળ વળતરની આશા નહિ, પણ મારા લાયક કામ કર્યાનો આત્મસંતોષ એ મારું પ્રેરકબળ હશે. મનના આ વલણને કલાકારો ''કલાખાતર કલા'' કહે છે. પણ છે તો જુદી જુદી પરીભાષામાં એક જ સિદ્ધાંતના ભાષાંતર કામને અર્થે જ કરેલું. ઉત્તમ કોટિનું કામ. પૂજામાં દેવમૂર્તિને ચોખા ચડાવાય છે. ચોખાના દાણા અક્ષત હોવા ઘટે. એ સારા દાણા ભેગો એક તૂટેલો હોય તો ''ચાલશે'' એમ માને તે સાચો પૂજારી નથી.''

– ફાધર વાલેસ.

**56) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાને આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [8]**

- મારો યાદગાર પ્રવાસ

  મુદ્દા : પ્રસ્તાવના – પ્રવાસનું સ્થળ – વર્ણન – સંસ્મરણો – જીવનમાં પ્રવાસનું મહત્ત્વ – ઉપસંહાર.

અથવા

- એ શિક્ષકને હું કેમ ભૂલી શકું?

  મુદ્દા : પ્રસ્તાવના – શાળા જીવનમાં બનેલી ઘટના – શિક્ષકની મદદ – મારી પ્રગતિ – શિક્ષકના ગુણો – ઉપસંહાર.

અથવા

- સ્વદેશી અપનાવો – દેશ સમૃદ્ધ બનાવો.

  મુદ્દા : પ્રસ્તાવના – સ્વદેશી એટલે દેશમાં બનેલી ચીજવસ્તુઓ – સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન – આત્મનિર્ભર ભારત – ઉપસંહાર.

♦♦♦♦